# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-01-2025 Day : Monday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહેચ્છા** વાંચે છે.

---

## મહાકુંભ આજથી શરૂ

વિશ્વના સૌથી મોટા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મેળાવડા મહાકુંભનો આજે પ્રયાગરાજમાં અમૃત સ્નાન સાથે પોષ પૂર્ણિમાના અવસરે પ્રારંભ થયો છે. ગંગા , યમુના અને સરસ્વતી નદીઓના સંગમ સ્થાન ત્રિવેણીના વિવિધ ઘાટ પર લાખો શ્રદ્ધાળુઓ , યાત્રાળુઓ અને મુલાકાતીઓ પવિત્ર સ્નાન કરી રહ્યા છે. આ ભવ્ય કાર્યક્રમ 26મી ફેબ્રુઆરીના રોજ મહાશિવરાત્રી સુધી ચાલશે. 144 વર્ષમાં માત્ર એક જ વાર બનતો એક દુર્લભ ખગોળીય સંયોગ આ વર્ષે મહા કુંભની વિશેષતામાં વધારો કરી રહ્યો છે. ગઈકાલે લગભગ 50 લાખ શ્રદ્ધાળુઓએ ત્રિવેણી સંગમમાં સ્નાન કર્યું હતું. ધાર્મિક સ્નાન ઉપરાંત લાખો ભક્તો સંગમમાં કલ્પવાસની પ્રાચીન પરંપરાનું પણ પાલન કરશે. પ્રાચીન માન્યતાઓ અનુસાર , ભક્તો નિર્ધારિત ધાર્મિક વિધિઓનું સખત પણે પાલન કરીને માઘ પૂર્ણિમા સુધી એક મહિના સુધી કલ્પવાસનું પાલન કરશે. આ કાર્યક્રમ માટે સાત સ્તરીય સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

-------------------------------------------------------------------------------------

## અમિત શાહ આજથી રાજ્યની મુલાકાત

**કેન્દ્રીય ગૃહ અને સહકારમંત્રી અમિત શાહ આજથી ચાર દિવસની ગુજરાતની મુલાકાતે આવશે. ચાર દિવસીય મુલાકાતમાં શ્રી શાહ અનેક કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે અને ઉત્તરાયણની ઉજવણીમાં જોડાશે. ભાજપ કાર્યાલય દ્વારા મળેલી માહિતી મુજબ અમિત શાહ આજે સાંજે અમદાવાદ આવશે. 14મી જાન્યુઆરીએ થલતેજ, ન્યુ રાણિપ અને સાબરમતીમાં કાર્યકર્તાઓ સાથે ઉત્તરાયણની ઉજવણી કરશે. ત્યારબાદ ઘાટલોડિયામાં નવા પોલીસ મથક અને આવાસ યોજનાનાં મકાનોનું લોકાર્પણ કરશે. 15મી જાન્યુઆરીએ કલોલ, માણસામાં સરકારી કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. 16મી જાન્યુઆરીએ મહેસાણા જિલ્લાનાં વડનગરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જે શાળામાં ભણતા હતાં. તે પ્રેરણા સ્કૂલનું ઉદ્ઘાટન કરશે.**

-------------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી યુવા નેતા સંવાજ

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારતના યુવાનોની ક્ષમતા ટૂંક સમયમાં ભારતને એક વિકસિત રાષ્ટ્ર બનાવશે. ગઇકાલે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે વિકસિત ભારત યુવા નેતા સંવાદમાં સંબોધન કરતાં તેમણે કહ્યું કે ભારતની યુવા શક્તિ નોંધપાત્ર ફેરફારો લાવી રહી છે. શ્રી મોદીએ કહ્યું કે તેમને નવી પેઢીમાં વિશ્વાસ છે અને તે બધી સમસ્યાઓનો ઉકેલ શોધી કાઢશે.**

**શુક્રવારથી શરૂ થયેલા આ ત્રણ દિવસીય વિકસિત ભારત યુવા નેતા સંવાદ કાર્યક્રમ દરમિયાન શ્રી મોદીએ દેશભરના ત્રણ હજાર ઊર્જાવાન યુવા નેતાઓ સાથે વાતચીત કરી હતી. આ કાર્યક્રમમાં રાજ્યનાં 45 યુવાનો જોડાયા હતાં. તેમણે પ્રધાનમંત્રી સમક્ષ વિકસીત ભારત અંગે પોતાના વિચારો રજૂ કર્યાં હતાં.**

**--------------------------------------------------------------------------------------**

## ધોરડો આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ

**ધોરડો સફેદ રણ ખાતે આજે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે. ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ અને કચ્છ જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે યોજાનારા પતંગ મહોત્સવમાં ભારત સહિત 11 દેશના પતંગબાજો સફેદ રણમાં પતંગ ચગાવી આકર્ષણ જમાવશે. બેલારૂસ , ભૂતાન, કોલમ્બિયા, ડેનમાર્ક, હંગ્રી, ઈન્ડોનેશિયા, માલ્ટા, સ્લોવેનિયા, ટ્યુનિશિયા, તૂર્કી સહિતના દેશના પતંગબાજો મહોત્સવમાં જોડાશે. ઉપરાંત મહારાષ્ટ્ર , ઓડિશા, વેસ્ટ બેંગાલ , સિક્કિમ સહિતના વિવિધ રાજ્યોના પતંગબાજો પણ અહીં પધારશે. રંગબેરંગી અને અવનવી ડિઝાઇનની પતંગોથી ધોરડોનું આકાશ આજે ભરાઇ જશે.**

**--------------------------------------------------------------------------------------**

## ઉત્તરાયણ પર્વ

**ઉતરાયણ પર્વના પ્રારંભને આડે હવે 24 કલાક કરતાં ઓછો સમય છે . ગુજરાતમાં પતંગ પર્વ તરીકે ઉજવતા આ પર્વમાં પતંગોની ખરીદી માટે છેલ્લી ઘડીનો ધસારો જોવા મળે છે . ભુજ અને અન્ય શહેરો અને ગામોમાં પતંગ , દોરા ખરીદવા માટે મોટા સ્ટોલ ગોઠવાયા છે . પતંગ અને દોરાની અછત અને ભાવમાં વધારા છતાં છેલ્લી ઘડીએ ખરીદી વધશે એવી વેપારીઓ આશા રાખી રહ્યા છે . ગુજરાત વડી અદાલતે ચાઇનીઝ દોરા અને રંગીન દોરાના વપરાશ પર કડક વલણ અપનાવતા તંત્ર વાહકોએ આવા દોરાના વેચાણને રોકવા પગલાં લીધા છે . પતંગ દોરીથી થતા જીવલેણ અકસ્માતો અટકાવવા પોલીસ તંત્ર સજ્જ બન્યું છે . તો પતંગની દોરીથી પંખીઓને બચાવવા કચ્છમાં 21 જેટલી સંસ્થાઓ સંગઠનો સક્રિય બન્યા છે.**

---------------------------------------------------------------------------------------

## હવામાન

સૌરાષ્ટ્ર, કચ્છ સહિત કેટલાક જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન 24 કલાકમાં છ ડિગ્રી સેલ્સિયસ ઘટ્યું. હજુ પણ આગામી બેથી ત્રણ દિવસ ઠંડીનું જોર યથાવત રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે. ગઇકાલે નલિયાનું લઘુત્તમ તાપમાન 5.6 ડિગ્રી જ્યારે ભુજનું 11.4 ડિગ્રી નોંધાયું હતું.

---------------------------------------------------------------------------------------